## કાર્યો કરવા માટે નકકી કરેલાં ધોરણો

૧૫.૧ અત્રેની કચેરી ધ્વારા વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ તથા સંસદ ફંડ જોગવાઈ હેઠળનાં કામોનાં અમલીકરણ માટે સરકારશ્રી ધ્વારા નીચેનાં ધારા ધોરણ નકકી થયેલ છે.

(૧) ૧૫% વિવેકાધીન જોગવાઈ ૧૦૦% ગ્રાન્ટ મંજૂર કરવામાં આવે છે.

(૨) ૫% પ્રોત્સાહક જોગવાઈ હેઠળ મંજૂર કરાતા કામો માટે ૫૦%, અને ૧૦% લોકફાળાનું ધોરણ નકકી કરવામાં આવેલ છે. જેની સામે ૫૦% અને ૯૦% પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(૩) ખાસ પછાત વિસ્તાર ખાખરીયા ટપ્પા માટે હાલ મહેસાણા જિલ્લામાં કડી તાલુકાનાં ૬૨ (બાસઠ)ગામો આવેલ છે. જેને ૧૦૦% ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ૫% ના કામો માટે ૧૦% લોકફાળો છે.

(૪) માન.ધારાસભ્યશ્રીઓની જોગવાઈ હેઠળ ૧૦૦% ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(૫) માન.સંસદફંડ જોગવાઈ હેઠળ ૧૦૦% ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

૧૫% વિવેકાધીન, ૫% પ્રોત્સાહક અને ખાખરીયા ટપ્પા ખાસ પછાત વિસ્તારની જોગવાઈ :–

કાર્ય કરવાની પધ્ધતિ/ ધોરણો:–

૧. ગામના સરપંચશ્રી પાસેથી તા.પં. મારફતે સમુહ વિકાસના કામો કરવાની જરૂરી દરખાસ્ત મંગાવવામાં આવે છે. આવેલ દરખાસ્ત માર્ગદર્શક યાદી મુજબ જણાય તો તાલુકા આયોજન સમિતિમાં રજુ કરવામાં આવે છે. તાલુકા આયોજન સમિતિ દરખાસ્તને મંજુર કરી જિલ્લા આયોજન કચેરીને મોકલી આપે છે.

૨. તા.આ. સમિતિ તરફથી રજુ થયેલ દરખાસ્તનો મુસદ્દો કાર્યવાહક આયોજન સમિતિમાં રજુ કરવામાં આવે છે. અને તાલુકાને મળવા પાત્ર રકમની મર્યાદામાં કામો મંજુર કરવા જિલ્લા આયોજન મંડળને ભલામણ કરે છે.

૩. જિલ્લા આયોજન મંડળની બેઠકમાં કાર્યવાહક આયોજન સમિતિએ ભલામણ કરેલા તાલુકા આયોજન સમિતિની દરખાસ્તો ઉપર ચર્ચા વિચારણા કરી મંજુર કરે છે.

૪. મંજુર થયેલ કામોના અમલીકરણ અધિકારીશ્રીઓ પાસેથી પ્લાન એસ્ટીમેટ તથા તાંત્રિક મંજુરી મેળવી વહીવટી મંજુરી તથા ગ્રાન્ટ ફાળવણી કરવમાં આવે છે.

૫. દર માસે તા.૫મી ના રોજ અમલીકરણ અધિકારીશ્રીઓના બાંધકામ સુપરવાઈજરશ્રીઓની બેઠકમાં કામોના પ્રગતિ અહેવાલની કામવાર સમિક્ષા કરવામાં આવે છે. મંદ પ્રગતિવાળા કામોને ઝડપ લાવવા સુચનાઓ આપવામાં આવે છે.

૬. જિલ્લા આયોજન મંડળ તથા કાર્યવાહક આયોજન સમિતિમાં અમલમાં મુકાયેલા કામોની પ્રગતિની સમિક્ષા થાય છે.

૭. કામો પૂર્ણ થયે પૂર્ણતા પ્રમાણ પત્ર તથા ગ્રાન્ટ યુટીલાઈઝેશન સર્ટી મેળવવામાં આવે છે.

<u>સંસદ સભ્યશ્રી/ધારાસભ્યશ્રી ની જોગવાઈ.</u>

૮. માન. સંસદ સભ્યશ્રી તથા ધારા સભ્યશ્રી ધ્વારા ભલામણ થયેલા કામેને માર્ગદર્શક યાદી મુજબના જણાયે પ્રાથમિક મંજુરી આપી પ્લાન એસ્ટીમેટ તથા તાંત્રિક મંજુરી મળ્યેથી વહીવટી મંજુરી તથા ગ્રાંન્ટ ફાળવણી કરી પ્રગતિની વિગતો પ્રતિમાંસ સબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓ પાસેથી મેળવવામાં આવે છે.

૯. રજી. ટ્રસ્ટના સમુહ વિકાસના કામોમાં ટ્રસ્ટને લખતી ૧૦ જાતની વિશેષ માહિતિ આપવાની રહે છે.